## જન્મદિને વધામણી



જશવંત ગાંધી
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
મો. ૯૪૨૭૬ ૦૮૧૯૦



શોભનાબા રઘુસિંહ ગોલ



ઉષાબેન પંઢરીનાથ જગતાપ
મો. ૯૬૨૪૦ ૦૯૯૯૭



ભાવનાબેન રણજિતસિંહ વિહોલ
મો. ૯૮૨૪૮ ૨૩૫૩૪



પારૂલ કૃણાલ પટેલ
ઉપ પ્રમુખ, જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર સહેલી
મો. ૭૧૮૦૯૦૨૭૯



હિયા પટેલ
મો. ૯૯૦૪૩ ૫૪૦૩૭



ઘનશ્યામ મોદી
મો. ૯૯૨૫૭ ૪૧૩૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગાંધીનગરના યુવાને શાઓલિન ટૅમ્પલમાં માર્શલ આર્ટની કઠિન તાલીમ મેળવી





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર જેમ-જેમ પાકટ થતું જાય છે તેમ-તેમ તેની સિદ્ધિઓમાં પણ નોંધપાત્ર વધારો થતો જાય છે. આવી જ એક વધુ ઘટના ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ વખત નોંધાઈ છે.

ગાંધીનગરનો યુવાન શિવાંગ આર જોષી શાઓલિન ટૅમ્પલમાં કુંગ-ફુ (માર્શલ આર્ટ)ની કઠોર તાલીમ લઈને ઉચ્ચ કોટિનું પ્રમાણપત્ર પ્રાપ્ત કરી આવ્યો છે.

શાઓલિન કુંગ-ફુ કલ્ચરલ ઍક્સચૅન્જ પ્રોગ્રામ-૨૦૧૬નું આયોજન મઠાધિશ શિયાંગ-જીનના નેતૃત્વમાં ચીનના હેનાન પ્રાંતના ડેંગફેંગ સિટી ખાતે સ્થિત શાઓલિન ટૅમ્પલમાં કરવામાં આવ્યું હતું.

આ માટે ભારતમાંથી ૯ માર્શલ આર્ટીસ્ટ્સની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ગાંધીનગરની સંસ્થા ચીન યોંગ ચી કુંગ ફુ રિસર્ચ ઍન્ડ ડેવલપમૅન્ટ ઍસોસિએશનના ઈન્સ્ટ્રક્ટર શિવાંગ આર જોષી (બ્લૅક સાસ)ની પસંદગી કરવામાં આવી હતી.

શિવાંગ જોષી આ કઠિન ટ્રેનીંગ પ્રાપ્ત કરીને ગાંધીનગર આવી ગયા છે. એમના જણાવ્યા મુજબ શાઓલિન ટૅમ્પલમાં જે ટ્રેનીંગ અપાય છે તે દુનિયાની કોઈપણ જગ્યાએ અપાતી નથી. આ મઠની સ્થાપના ૧૫૦૦ વર્ષ પહેલાં થઈ હતી અને ત્યાં જે વોરિયર મોન્ક થયા તેઓની માર્શલ આર્ટની પધ્ધતિઓ તેમાં ઉમેરાતી ગઈ જે કારણે તે દુનિયામાં વખણાતી પણ થઈ. એની પ્રતિષ્ઠા અને ઉચ્ચ માપદંડોને કારણે અહીં પ્રવેશ મેળવવો પણ ખૂબ કઠિન છે અને પ્રવેશ મેળવ્યા પછી અહીં અપાતી તાલીમ પણ વધુ કઠિન છે. પોતે અહીં રોજની ૭થી ૮ કલાકની સતત ૧૦ દિવસ સુધી તાલીમ મેળવી હતી એ પોતાની જિંદગીનો યાદગાર પ્રસંગ છે એમ શિવાંગ વધુમાં જણાવે છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધારવા બદલ શિવાંગને ચીન યાંગ ચી કુંગ ફુ ઍસોસિએશન દ્વારા એપ્રિશીએશન ઍવોર્ડથી નવાજવામાં આવ્યો છે.

# વિરમગામ તાલુકામાં વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી

## આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિરમગામ શહેરમાં વિશાળ રેલી કાઢવામાં આવી





ગાંધીનગર, તા. ૨૫

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા ૨૫મી એપ્રીલે વિશ્વ મેલેરીયા દિનની ઉજવણીના ભાગરૂપે રેલી અને સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આરોગ્ય કર્મચારીઓ દ્વારા મેલેરીયાના જોખમી વિસ્તારોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ ટીબી ઓફિસર ડો. દિક્ષીત કાપડીયા, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલા, આર. ડી. ડામોર, નીલકંઠ વાસુકીયા, જયેશ પાવરા, સુપરવાઈઝરો સહિત આરોગ્ય વિભાગના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા.

તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણીના ભાગરૂપે વિરમગામ શહેરમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિશાળ રેલી કાઢવામાં આવી હતી અને લોકોને મેલેરીયા રોગ વિશે જાગૃત કર્યા હતા. વિશ્વ મેલેરીયા દિનના સુત્ર "મેલેરીયાનો અંત સારા ભવિષ્ય માટે" વિશે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ પ્રોગ્રામ વિષય પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આરોગ્ય કર્મચારીઓ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી અને લોકોને મેલેરીયા રોગથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. વિરમગામ તાલુકાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા ૧૦૪ ટોલ ફ્રી ફિવર હેલ્પ લાઈન વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. જુન માસની મેલેરીયા વિરોધ માસ તરીકે અને જુલાઈ માસની ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવશે.

વિરમગામ તાલુકાના ઈન્ચાર્જ આઈઈસી ઓફિસર કે. એમ. મકવાણાએ જણાવ્યુ હતુ કે, મેલેરીયાથી બચવા માટે પાણીના ખુલ્લા વાસણો હવા ચુસ્ત ઢાંકણથી ઢાકીને રાખવા. પાણીની ટાંકી, ફુલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો. ઘરની આસપાસ પાણી ન ભરાવા દો. પાણીના ખાડા ખાબોચીયા પુરી દો અથવા તો વહેવડાવી દો. કોઈ પણ તાવ મેલેરીયા હોય શકે છે. ઉલટી ઉબકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઈ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઈને નિશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઈએ. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટકાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફૅન
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-3**
લાલ રંગ
૬.૪૫

**સ્ક્રીન-3**
કુંગ ફુ પાંડા (૩ડી અંગ્રેજી)
સવારે ૧૦.૩૦
જંગલબૂક (૩ડી હિન્દી)
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
કિ ઍન્ડ કા
૭.૩૦
સાંતા બાંતા પ્રા.લિ.
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૧૦.૧૫
લાલ રંગ
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ફૅન
૧૦.૦૦, ૭.૦૦
લાલ રંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦

### યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા

# સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીની સૅન્ટર ફૉર પોટેન્શિયલ ઍક્સલન્સ હેઠળ પસંદગી

ગાંધીનગર, તા. ૨૫

ન્યુ દિલ્હી દ્વારા બારમા પ્લાનમાં 'સૅન્ટર ફોર પોટેન્શિયલ ઍક્સલન્સ' હેઠળ ગુજરાતની ૯ કોલેજોને પસંદ કરવામાં આવેલ છે, જે પૈકી શ્રી એમ. પી શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી. એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કૉલેજનું નામ પણ સામેલ છે. આ યોજના અંતર્ગત કોલેજને પોતાના આગામી વિકાસ માટેની વિવિધ યોજનાઓ માટે યુ.જી.સી. દ્વારા રૂ. દોઢ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (યુજીસી) દ્વારા સમગ્ર દેશની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજો પૈકી કેટલીક કોલેજોને સેન્ટર ફોર પોટેન્શિયલ એક્સલન્સ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતની માત્ર નવ કોલેજોને સમાવેશ કરવામાં આવ્યો છે. આ કોલેજોને યુજીસી દ્વારા દોઢ કરોડ રૂપિયાનું અનુદાન આપવામાં આવશે. આ ઉપરાંત જો આ કોલેજો નેકના જોડાણમાં એ પ્લેસ ગ્રેડ મેળવે તો સેન્ટર ફોર એક્સલન્સ જાહેર કરવાની પણ યુજીસીએ સ્પષ્ટતા કરી છે. યુજીસી દ્વારા સીપીઈ સ્કીમ હેઠળ દેશની તમામ યુનિવર્સિટીઓ પાસેથી કોલેજોની વિગતો મંગાવવામાં આવી હતી. જેમાં યુજીસીમાં અરજી કરતાં રહેલા યુનિવર્સિટીની ખાસ કમિટી દ્વારા કોલેજની તપાસ કરીને રેંક આપવામાં આવતો હોય છે. આ રેંક પ્રમાણેનું લીસ્ટ યુજીસીને મોકલવામાં આવતુ હોય છે. જેમાંથી યુજીસી દ્વારા વધારે ચકાસણી કરીને કેટલીક કોલેજોને દૂર કરી દેવામાં આવતી હોય છે. સમગ્ર ગુજરાતમાંથી કુલ ૨૦ કોલેજોની યાદી યુજીસીમાં મોકલવામાં આવી હતી. જે પૈકી માત્ર ૯ કોલેજોને સેન્ટર ફોર પોટેન્શિયલ માટે પસંદ કરવામાં આવી હતી.

સૌથી વધુ કોલેજો મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાંથી પસંદ કરવામાં આવી છે. જયારે સોથી ઓછી કોલેજો આસમ, બિહાર, ગોવા, હરિયાણા, ઝારખંડ , મણીપુર, મિઝોરમ, તેલગાંણા વગેરેનો સમાવેશ થાય છે.

એમ. પી શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કૉલેજ સેન્ટર ફોર પોટેન્શિયલ એક્સલન્સ તરીકે પસંદગી પામવા બદલ પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠી તથા સમગ્ર કોલેજ પરિવારને શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારોએ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

# ડૉ. જી. ડી. ત્રિપાઠીની આચાર્ય મંડળના સેક્રેટરી તરીકે બિનહરીફ વરણી થઇ

## પ્રમુખ પદે પ્રિ. ડૉ. લલિતભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે પ્રિ. ડૉ. સંજય શાહની સર્વાનુમતે વરણી



ગાંધીનગર, તા. ૨૫

શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત - સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી કોમર્સ કોલેજ, કડીના પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠીની વરણી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના આચાર્ય મંડળના સૅક્રેટરી તરીકે કરવામાં આવી છે.

ગત તા. ૨૨-૪-૨૦૧૬ના રોજ પાટણ ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજ આચાર્યમંડળની મીટીંગ મળી હતી. જેમાં મંડળના વિવિધ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠીની આચાર્યમંડળના સેક્રેટરી તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આચાર્ય મંડળના પ્રમુખ પદે પ્રિ. ડૉ. લલિતભાઈ પટેલ (આર્ટ્સ કોલેજ, પાટણ ) અને ઉપપ્રમુખ તરીકે પ્રિ. ડૉ. સંજય શાહ (આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, પિલવાઈ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આચાર્ય મંડળના સૅક્રેટરી થવા બદલ એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારો તથા કોલેજ પરિવારે પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠીને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

# સીબીઍસસી સ્કૂલ્સમાં સ્કૂલબૅગનું વજન ઘટાડવા માટે નિર્દેશ કરાયો

ગાંધીનગર, તા. ૨૫

સીબીઍસસી (સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન) દ્વારા વિદ્યાર્થીઓની સ્કૂલબૅગનું વજન ઘટાડવા માટે જાહેરનામું બહાર પાડીને વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને ખુશ કરી દીધા છે.

આ જાહેરનામું તમામ સ્કૂલોને મોકલી આપ્યું છે અને તેમાં દર્શાવેલી સુચનાઓનું પાલન કરવા માટે પણ તાકીદ કરાઈ છે. સ્કૂલ બેગનું વજન ઘટાડવા માટે ધોરણ-૧ અને ધોરણ-૨ના વિદ્યાર્થીઓના પુસ્તકો અને નોટબુક સ્કૂલમાં જ રાખવામાં આવે તેવો આદેશ બૉર્ડ દ્વારા કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય ધોરણના વિદ્યાર્થીઓ પણ ટાઈમ ટેબલ પ્રમાણે જ પુસ્તકો લાવે તે જોવા બૉર્ડ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત સ્કૂલોને એવી રીતે ટાઈમ ટેબલ ગોઠવવા જણાવાયું છે જેથી વર્ષ દરમિયાન વિદ્યાથીઓના બેગનું વજન એકસમાન જળવાઈ રહે. પ્રાપ્ત માહિતી અનુસાર સીબીઍસસી દ્વારા વિદ્યાર્થીઓના સ્કૂલ બેગના વજનને લઈને અગાઉ ચિંતા વ્યક્ત કરાઈ હતી. જેના પગલે તાજેતરમાં સીબીઍસસીએ તમામ સ્કૂલોને ગાઈડલાઈન મોકલી સ્કૂલ બેગના વજન ઘટાડવા અંગેના વિવિધ નિર્દેશો મોકલી આપ્યા છે. જેમાં ધોરણ-૨ સુધીના વિદ્યાર્થીઓના કુમળા શરીર પર સ્કૂલ બેગનો બોજો ન પડે તે માટે તેના પુસ્તકો અને નોટબુક સ્કૂલમાં જ રાખવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

હાલમાં રાજ્યમાં આવેલી ઘણી સ્કૂલોમાં આ સિસ્ટમનો અમલ કરવામાં આવી રહ્યો છે. પરંતુ હવે સીબીઍસસી સંલગ્ન તમામ સ્કૂલોમાં તેનું પાલન થશે. આ ઉપરાંત સ્કૂલોએ અને વાલીઓ ખાસ ધ્યાન રાખવાનું રહેશે કે તેમનું બાળક ટાઈમ ટેબલ પ્રમાણે જ પુસ્તકો લઈને સ્કૂલમાં જાય.

# મૌત વહી જો દુનિયા દેખે, ઘુટ-ઘુટ કે યૂં મરના ક્યા !

**ગીત-સંગીતની દુનિયા**

ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

આઠમો ફિલ્મફૅર ઍવોર્ડ અપાયો ત્યારે પણ રાબેતા મુજબ તીવ્ર હરિફાઈ હતી. ભારત સરકારના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પણ ફિલ્મો જોતા હતા અને રેડિયો સાંભળતા હતા.

'આવારા' ફિલ્મ રિલીઝ થઈ, ત્યારબાદ તેઓ રશિયા ગયા ત્યારે રશિયન લોકો પાસે રાજ કપૂર વિશે સાંભળ્યું હતું. ત્યારે તેમને ખૂબ જ આશ્ચર્ય થયું હતું. ભારત પરત આવ્યા બાદ એમણે રાજ કપૂરને ફોન કરીને તેમના ખબર અંતર પૂછ્યા હતા. ખ્વાજા અહમદ અબ્બાસની ફિલ્મ 'ફિર સુબહ હોગી'ના સાહિર લુધિયાનવી દ્વારા લખાયેલ, સંગીતકાર ખૈયામની બનાવેલી ધૂન પર મુકેશ દ્વારા ગવાયેલ ગીત 'ચીનો અરબ હમારા, હિન્દુસ્તાન હમારા' ગીત સાંભળી નારાજ થઈ ગયા હતા. આ ગીત પરદા પર રાજ કપૂરે રજૂ કર્યુ હતું.

આઠમા ફિલ્મફૅર ઍવોર્ડમાં શ્રેષ્ઠ ફિલ્મનો ઍવોર્ડ નિર્માતા તરીકે કે આસિફને ફિલ્મ 'મુઘલ-એ-આઝમ' માટે મળ્યો હતો. ફિલ્મ 'પરખ' માટે બિમલ રૉયને શ્રેષ્ઠ દિગ્દર્શકનો ઍવોર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ વાર્તા માટે રૂબિ સેનને ફિલ્મ 'માસૂમ' માટે ઍવોર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ અભિનેતા દિલીપ કુમાર 'કોહીનૂર' માટે, શ્રેષ્ઠ અભિનેત્રી બિના રૉય 'ઘૂંઘટ' માટે, સહાયક અભિનેતા મોતીલાલ 'પરખ' માટે અને સહાયક અભિનેત્રી નંદા 'આંચલ' માટે જાહેર થયાં હતાં.

શ્રેષ્ઠ સંગીતકારનો ફિલ્મફૅર ઍવોર્ડ શંકર જયકિશનને ફિલ્મ 'દિલ અપના ઔર પ્રીત પરાઈ' માટે મળ્યો હતો. શ્રેષ્ઠ ગીતકારનો ફિલ્મફૅર ઍવોર્ડ શકીલ બદાયુનીને ફિલ્મ 'ચૌદહવી કા ચાંદ' માટે મળ્યો હતો. ગીતના શબ્દો હતા 'ચૌદહવી કા ચાંદ હો....' શ્રેષ્ઠ ગાયક તરીકેનો ફિલ્મફૅર ઍવોર્ડ મહંમદ રફીને 'ચૌદહવી કા ચાંદ' ફિલ્મના આ જ ગીત માટે મળ્યો હતો.

આજે હું આ દોર યાદ કરું છું તો એમ થાય છે કે જો મારે આ વર્ષ માટે ફિલ્મફૅર ઍવોર્ડ આપવાનો હોત તો હું સ્વરકિન્નરી લતા મંગેશકરને આપત. ફિલ્મ મોગલે આઝમમાં શકીલ બદાયુનીનું લખેલું અને નૌશાદ અલીના સંગીત નિર્દેશનમાં લતા મંગેશકરે ગાયેલું અને અભિનેત્રી મધુબાલા પર ફિલ્માવવામાં આવેલું 'પ્યાર કિયા તો ડરના ક્યા, પ્યાર કિયા કોઈ ચોરી નહીં કી...' ગીતને આપત. પ્રસ્તુત છે ગીતના શબ્દો :

પ્યાર કિયા તો ડરના ક્યા
જબ પ્યાર કિયા તો ડરના ક્યા
પ્યાર કિયા કોઈ ચોરી નહીં કી
પ્યાર કિયા...
પ્યાર કિયા કોઈ ચોરી નહીં કી
છૂપ-છૂપ આંહે ભરના ક્યા
જબ પ્યાર કિયા તો ડરના ક્યા...
આજ કહેંગે દિલ કા ફસાના,
જાન ભી લે-લે ચાહે ઝમાના
મૌત વહી જો દુનિયા દેખે
ઘુટ-ઘુટ કે યૂં મરના ક્યા !
જબ પ્યાર કિયા તો ડરના ક્યા...
ઉનકી તમન્ના દિલ મેં રહેગી,
શમા ઉસી મહેફિલ મેં જલેગી
ઈશ્ક મેં જીના ઈશ્ક મેં મરના
ઔર હમેં અબ કરના ક્યા ?
જબ પ્યાર કિયા તો ડરના ક્યા...
છુપ ના સકેગા ઈશ્ક હમારા,
ચારોં તરફ હૈ ઉનકા નઝારા
પરદા નહીં જબ કોઈ ખુદા સે
બંદો સે પરદા ક્યા
જબ પ્યાર કિયા તો ડરના ક્યા...

આ ઉપર જણાવેલ ગીતના શૂટીંગ સમયે નિર્માતા-નિર્દેશક કે આસીફે જે શીશ મહેલ બનાવેલો તે અત્યંત ખર્ચાળ હતો અને મધુબાલાનું નૃત્ય પૂરું થયું. ત્યારબાદ આ શીશ મહેલ તોડવામાં આવ્યો ત્યારે કારીગરો રડ્યા હતા.



# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

એપ્રિલ માસનો વિષય છે :

## 'મારા ગુરુ ગૌરવશાળી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે